**વડીલોને વંદન**

**અભિનંદન**



હેમા ચંદ્રકાન્ત સુરતી
(૧૯૬૧) મો. ૭૮૭૪૪૩૭૬૮૮



અશ્વિનકુમાર એમ. વ્યાસ
(૧૯૪૪) ફોન: ૨૩૨૨૬૦૯૮

# ગિફ્ટ સિટી-ક્વિન્હાઈ વચ્ચે સહકાર મામલે સમજુતી

**શેનઝેહેનમાં અધિકારી સાથે આનંદીબેનની બેઠક : કુલ પાંચ લાખ રોજગારી મળે તેવી સંભાવના : આનંદીબેન ફોક્સઓન ટેક્નોલોજી ગ્રુપ ઉત્પાદન એકમની મુલાકાતે**

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ચાયના પ્રવાસના પાંચા દિવસે હોંગકોંગ મોર્ડન સર્વિસ કોઓપરેશન ઝોન કિવન્હાઈ શેનઝેન ખાતે તેના અધ્યક્ષ ઝેંગ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગુજરાતના ગિફ્ટ સિટી અને કિવન્હાઈ શેનઝેન વચ્ચે પરસ્પર ભાગીદારીથી સ્માર્ટ સિટી વિકસાવવા માટેના સહકાર ઈરાદાપત્રો પર હસ્તાક્ષર સંપન્ન કરવામાં આવ્યા હતા. ગિફ્ટ સિટી વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક સુવિધાઓ ફાયનાન્સ અને ટેકનોલોજી કંપનીઓને પુરી પાડવાનું ગુજરાત સરાકરનું એક અભિનવ કદમ છે અને ભવિષ્યના સ્માર્ટ સિટી તરીકે વિકસીને આવવનારા દશકોમાં દેશનું મોટુ ફાયનાન્સિયલ હબ બનવાની ક્ષમતા ધરાવે છે.



અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સાબરમતી તટે તથા ડીએમઆઈસીના વ્યૂહાત્મક સ્થળ પર વિકસી રહેલું આ ગિફ્ટ સિટી સ્પેશિયલ ઈકોનોમી ઝોન, ઈન્ટરનેશનલ એજ્યુકેશન ઝોન, ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ તથા કન્વેનશન સેન્ટર અને ટેકનોલોજી પાર્ક તથા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક તેમજ સ્ટોક એક્સચેંજ વગેરે વિશ્વ કક્ષા સાથેની ઈન્ટીગ્રેટ ટાઉનશીપ બનવાનુંછે તે પૂર્ણ થતા અંદાજે પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડશે.

કિવન્હાઈ શેનઝેહેન પણ તે જ પરિપાટીએ ગ્વાંગડોંગ પ્રાંતનું મહત્વનું અને ચીનની સિલીકોનવેલી તથા વાયબ્રન્ટ ઝોન ગણાતું સ્થાન છે. તદઉપરાંત વિશ્વના સૌથી વધુ વ્યસ્ત કન્ટેઈનર પોર્ટમાં તેની ગણના થાય છે ત્યારે ગિફ્ટ સિટી કિવન્હાઈ શેનઝેહેનની આ વિશેષતાઓ નવી સંભાવનાઓ ઉભી કરશે. મુખ્યમંત્રીએ આજે સવારે ફોક્સકોન ટેકનોલોજી ગ્રુપના ઉત્પાદન એકમની મુલાકાત લઈને વૈશ્વિક શ્રેષ્ઠ ઉત્પાદન માટેની આ ગ્રુપની ગતિવિધિઓની પ્રાથમિક માહિતી મેળવી હતી. ફોક્સકોન ૨૦૧૪ની ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં ૩૨મું સ્થાન ધરાવે છે અને ૧૬૦ બિલિયન યુએસ ડોલરનું ટર્નઓવર છે.

ચીનના કુલ નિકાસના પાંચ ટકા આ ગ્રુપ નિકાસ કરે છે તેમ મુખ્યમંત્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળને આ મુલાકાત દરમિયાન જણાવવામાં આવ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ, એલઈડી પેનલ્સ, ટીવી મોનિટર, ડેટા સેન્ટર, સોલાર પેનલ્સ જેવા આધુનિક ઉપકરણોનું ઉત્પાદન કરતા આ ગ્રુપની મુલાકાત વેળાએ ગુજરાત પ્રતિનિધિમંડળે ગુજરાતમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી પોલીસીના અભિગમની વિગતો પણ આપી હતી.



**કોચરબ આશ્રમ સ્થાપનાના શતાબ્દીની ભવ્ય ઉજવણી :** આજરોજ કોચરબ સત્યાગ્રહ આશ્રમ ખાતે આશ્રમની સ્થાપનાના શતાબ્દી અવસરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે કોચરબ સત્યાગ્રહ આશ્રમ ખાતે ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમારંભના અધ્યક્ષ સ્થાને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રચવન પ્રવિણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ સ્થાને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉદબોધન કરતા કહ્યું હતું કે, આપણે ગાંધીજીના ૧૧ વ્રતોમાંથી કોઈ એક પણ વ્રતનું પાલન કરીએ તો પણ આખો સમાજ સુધરી શકે તેમ છતે. આ ઉપરાંત સ્વચ્છતા માટેનો આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા આહવાન ને યાદ કર્યું હતું અને સ્વચ્છતા માટે આપણે સૌએ જાગૃત થવું પડશે આ કોઈ એક વ્યક્તિથી પરિવર્તન શક્ય નથી તેમ તેમને જણાવ્યું હતું. આ પ્રસંગે મહાત્મા ગાંધીજીના પ્રારંભિક અંતેવાસીઓના વંશજો હાજર રહ્યા હતા. ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય સ્વતંત્ર સેનાનીઓ અને નગરના ગણમાન્ય નગરજનો પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ રાજેન્દ્રભાઈ ખીમાણી, કુલસચિવ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવી છે.

## રાજ્યમાં ૧૮ ખાંડ મંડળી સહકારી ક્ષેત્રમાં સક્રિય છે

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં ૧૮ ખાંડ મંડળીઓ સહકારી ક્ષેત્રે કાર્યરત છે. તેઓની સ્થાપિત ક્ષમતા ૬૫૦૦૦ ટીસીડીથી વધીને ૬૭૫૦૦ ટીસીડી થયેલ છે. આ મંડળીઓમાં અંદાજે સાડા ચાર લાખ સભાસદો છે. આ મંડળીઓ દ્વારા ૩.૧૫ લાખ લોકોને સીધી-આડકતરી રોજગારી પુરી પાડવામાં આવે છે. અંદાજિત ટર્ન ઓવર ૨૬૦૦ કરોડ જેટલુંછે. રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મુકી છે. પરિણામે ગુજરાત રાજ્યનું દરિયાઈ મત્સ્ય ઉત્પાદન ૬.૯૫ લાખ અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૧.૦૩ લાખ ટન થયું છે. રાજ્યની મત્સ્ય વિદેશ નિકાસ પણ ૨.૫૨ લાખ મેટ્રીક ટન થયેલ છે.

પરિણામ વર્ષ ૨૦૦૧-૦૨માં વિદેશી હુંડિયામણને રૂપિયા ૬૨૫ કરોડ હતું તે વધીને ૨૦૧૨-૧૩માં રૂપિયા ૬૫૮.૫૭ કરોડ થયું છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અંદાજિત રૂપિયા ૩૮૨૮૦૦ લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ છે જે પૈકી ૭૦૦૦૦ જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ૮૨.૮૦ કરોડનું મત્સ્ય બીજ ઉત્પાદન થયું છે. માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા અપાતા બાયોમેટ્રીક કાર્ડની યોજનામાં ૧૨૭૧૮૨ બાયોમેટ્રીક કાર્ડનું વિતરણ થયું છે જે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

# અંબાજી મંદિરના ગર્ભગૃહમાં બ્રાહ્મણોના પ્રવેશને અટકાવતી હિલચાલ સામે ઉગ્ર વિરોધ

**જરૂર પડે આમરણાંત ઉપવાસ સુધી લડત આપવાની બ્રાહ્મણ રક્ષા સમિતિની ચિમકી**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ આરાસુરી અંબાજી મંદિરમાં સ્થાપના સમયથી ૮૪ ગોત્રના બ્રાહ્મણો દરરોજ માતાજીની ચાંદીની પાદુકાનું પૂજન કરવાનો અધિકાર ધરાવે છે. પૂજન માટે બ્રાહ્મણો પીતાંબર ધારણ કરીને જ ગર્ભગૃહમાં પ્રવેશે છે, પરંતુ શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હવે બ્રાહ્મણોને પૂજન માટે માતાજીની પાદુકાઓ ગર્ભગૃહની બહાર લાવી આપવાની વ્યવસ્થા ગોઠવવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. પાદુકાઓ ગર્ભગૃહની બહાર લાવવાથી પૂજા કરી બ્રાહ્મણો બારોબાર સભામંડપમાં થઈને બહાર નીકળી જાય એટલે કોઈ ગર્ભગૃહમાં પ્રવેશી શકે નહી.

ગર્ભગૃહમાં બ્રાહ્મણોને પ્રવેશ કરતા અટકાવવાની આ હિલચાલનો બ્રાહ્મણો દ્વારા સખત વિરોધ નોંધાવાઈ રહ્યો છે અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા રચિત બ્રહ્મહિત રક્ષા સમિતિ દ્વારા બ્રાહ્મણોને વિશ્વાસમાં લીધા વિના જો કોઈ નિર્ણય લેવાશે તો આમરણાંત ઉપવાસ સુધીની લડત આપવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર દ્વારા સમિતિના મહામંત્રી ડામરાજી ઠાકોર સાથે બ્રાહ્મણોની પૂજા માટે પાદુકાઓ ગર્ભગૃહની બહાર લાવવાની મૌખિક વાત અને બ્રાહ્મણોના પ્રતિનિધિઓ સાથે પુખ્તતાપૂર્વક વિચારણા કરી યોગ્ય નિર્ણય સંમતિથી લેવાનું જણાવ્યુ હતુ. પરંતુ ટુંક સમયમાં દેવસ્થાન ટ્રસ્ટની ટ્રસ્ટી મંડળની બેઠક મળનાર છે જેમાં આ બાબત અંગે ઠરાવ પસાર થવાની શક્યતા છે. જો બ્રાહ્મણોને વિશ્વાસમાં લીધા વગર બ્રાહ્મણોને પૂજા માટે ગર્ભગૃહની બહાર કાઢવાનો ઠરાવ પસાર થશે તો તે કાર્યવાહી પ્રત્યે સખ્ત વિરોધ નોંધાવશે અને જરૂર પડે સર્વે બ્રહ્મસમાજ ગાંધી ચિંધ્યા માર્ગે જલદ આંદોલન અને આમરમાંત ઉપવાસ સુધી લડત આપશે તેવી બ્રહ્મહિત રક્ષા સમિતિ દ્વારા ચિમકી આપવામાં આવી છે. આ વિરોધ અંગે સમિતિના પ્રમુખ નરેશ રાજા દ્વારા વહીવટદારને પત્ર લખી જાણ કરવામાં આવી છે.

# રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા પર્યાપ્ત આયોજન

ગાંધીનગર, તા.૨૦

રાજયમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા માટે રાજય સરકાર દ્વારા પુરતું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયમાં પીવાના પાણી અંગે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગઈ કાલે કરેલા આક્ષેપો અંગે પ્રતિક્રિયા આપતાં રાજયના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું વિપક્ષ કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો રહ્યો નથી એટલે આવા નિવેદનો અને આક્ષેપો કરે છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને પુરતાં પ્રમાણમાં પીવાનું પાણી પહોંચાડી શકાય તે માટે રાજય સરકારે અનેક કામો કર્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં પીવાના પાણી પહોંચાડવા માટે નર્મદા કેનાલ આધારીત પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં જયાં પણ પીવાના પાણીની તંગી છે અને કોઈ સોર્સ નથી તેવા ગામો અને વિસ્તારોમાં ટેન્કરો દ્વારા પણ પાણી પહોંચાડવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે રાજયમાં જયાં પણ પાણીની તંગી વર્તાઈ અને પાણી પહોંચાડવા માટે ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા માટે જિલ્લા તંત્રોને આદેશો આપવામાં આવ્યા છે.

# કૌશલ્યવિકાસ, શૈક્ષણિક વિકાસની પૂરતી તક, રોજગાર નિર્માણ જેવી અનેકવિધ સવલતોને કારણે ગુજરાતમાં શ્રેષ્ઠ યુવા વિકાસ

એક અહેવાલ પ્રમાણે ભારત દેશ વિશ્વમાં સૌથી વધુ યુવાઓ ધરાવતો દેશ છે એટલે કે સૌથી યુવાન દેશ છે. વિકાસમાં યુવાનોના પ્રદાનને સમાજશાસ્ત્રીઓ એક પ્રકારનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ કહે છે. દેશના વડાપ્રધાન વિકાસમાં યુવાઓના પ્રદાનને મહત્વ આપીને ડેમોગ્રાફિક ડિવિડન્ડનો વધુને વધુ ફાયદો મેળવવા અનુરોધ કરે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે યુવા સશક્તિકરણ માટે એક અભિયાન ચલાવ્યું છે જેના કારણે ગુજરાતના યુવાનો આજે વધુને વધુ સશક્ત બની રહયા છે... કૌશલ્યવાન બની રહયા છે...

રાજય સરકારે ગુજરાતના યુવાનોને દસ વર્ષમાં દોઢ લાખથી વધુ સરકારી જગ્યાઓ ઉપર રોજગારી આપવાના વચન સાથે દસ વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. જેના દ્વારા ઉભરતા યુવાનો સરકારી નોકરી મેળવવા સંદર્ભે આગોતરું આયોજન કરી શકે. ગત વર્ષ દરમિયાન ૬૦,૪૪૦ કરતા વધુ વિવિધ પદો ઉપર ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ જે પૈકી ૨૧,૬૭૭ને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલાં છેલ્લા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૩માં રોજગાર કચેરી મારફત રોજગારી આપવાના કિસ્સામાં ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહયુ છે. રાજય સરકારે વાજપાઈ બેન્કેબલ યોજનાનો વ્યાપ વધારી મોટી સંખ્યામાં યુવાનોને તેનો લાભ મળે તે પ્રકારે કાર્ય આયોજન કરી રૂ. ૧૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આઈટીઆઈ પાસ યુવાનોને વ્યવસાય શરૂ કરવા રૂ. ૧ લાખ સુધીની બેન્ક લોન સહાય આપવા રાજય સરકારે નિર્ણય કર્યો છે. એટલું જ નહી પંડિત દિનદયાળ ઉપાધ્યાય યુવા સાહસિકતા યોજના અંતર્ગત ૭૦૦૦ના લક્ષ્યાંક સામે ૧૨૬૫૩ યુવાનોને વ્યાજ સહાયતા યોજનાનો લાભ આપવામાં આવ્યો. રાજય સરકારે આઈટીઆઈના તમામ ૧,૩૮,૫૫૨ તાલીમાર્થીઓને સો ટકા ઉદ્યોગસાહસિકતાની તાલીમ આપવામાં આવી છે.

રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને અપગ્રેડ કરી સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી છે. ઉદ્યોગોની જરૂરીયાત પ્રમાણે સેન્ટર ઓફ એક્સેલન્સના અભ્યાસક્રમો અમલમાં આવવાના કારણે ઉદ્યોગોની માંગ આધારિત કૌશલ્યવાન યુવાબળ તૈયાર કરવામાં આવે છે.

રાજય સરકારે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓને રોજગારી પૂરી પાડવા અલાયદું એવું ખાસ આયોજન કર્યું છે. જે અંતર્ગત જાહેર ક્ષેત્રની તમામ સરકારી સીધી ભરતીની નિમણૂકોમાં ૩૩ ટકા મહિલા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહી ગુજરાત એવું રાજય છે જયાં મહિલા આઈ.ટી.આઈ. ઉપરાંત અમદાવાદ અને જામનગર ખાતે મહિલાઓ માટે ખાસ રોજગાર કચેરીઓ શરૂ કરવામાં આવી છે.

રાજયમાં રમતવીરોને પ્રોત્સાહન આપવા દેશની સૌ પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના, તેમજ ખેલમહાકૂંભ દ્વારા ગ્રામ્ય સ્તરે પણ રમત પ્રતિભાની ઓળખ માટે રાજય સરકારે ખાસ ઝુંબેશ શરૂ કરી છે. ખેલ મહાકૂંભના આયોજન દ્વારા ૪૦ લાખ ઉપરાંત ખેલાડીઓએ રમત કૌશલ્યને ઝળકાવ્યું તે પૈકી ૨૮,૦૦૦ ઉપરાંત વિજેતા ખેલાડીઓ માટે સમર વેકેશન તાલીમ કેમ્પનું આયોજન કરાયું.

# ધનસુરામાં ધોળે દિવસે મોટરસાયકલની ડિકીમાંથી ૫૯ હજારની ઉઠાંતરી

ધનસુરા, તા. ૨૦

ધનસુરામાં આજે ધોળા દિવસે એક મોટરસાયકલની ડિકીમાંથી રૂ. ૫૯ હજારની રોકડ રકમની ચીલઝડપની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

બનાવની વિગત એવી છે કે બપોરે ૧૨ વાગ્યાના સુમારે દિનેશભાઈ નારણભાઈ પટેલ (રહે. રાઈનો માઢ) તેમની મોટરસાયકલ ધનસુરાના ભરચક બજાર વિસ્તારના નારાયણનિધી કોમ્પ્લેક્ષ આગળ પાર્ક કરી કામ અર્થે કોઈક દુકાનમાં ગયા હતા. આ સમય દરમ્યાન કોઈ અજાણ્યા ગઠિયાએ તેમની મોટરસાયકલની ડિકીમાં રાખેલ રૂ. ૫૯ હજાર રોકડાની તફડંચી કરી નાસી છુટ્યો હતો. આ બાબતે દિનેશભાઈ પટેલે ધનસુરા પોલીસસ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ધોળા દિવસે બપોરના સમયે ભરચક વિસ્તારમાં આ ઘટના બનતા ધનસુરામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## શબ્દાવલી - ૫૭૩૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| ૮ | ૯ | ■ | ■ | ૧૦ | | | |
| ■ | ૧૧ | ૧૨ | ૧૩ | | ■ | ■ | |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |
| ૨૧ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. બિલોર, એક જાતનો કાચ(૫)
૪. તસ્કર, ચોરી કરે તેને... કહેવાય (૨)
૬. ખારાશવાળુ તત્ત્વ (૨)
૭. સીવ્યા વિનાનું કપડું (૩)
૮. સિનેમાના દૃશ્યોની પટ્ટી(૨)
૧૦. લાફો, લફાટ (૪)
૧૧. ચિંતા, ફીકર (૪)
૧૪. તાડના પાનનું છાજ (૪)
૧૫. કસરત, વારો (૨)
૧૬. વસ્તુ-કામ-માણસ વળગવાથી થતું નડતર, પીડા-ઉપાધિના અર્થમાં (૩)
૧૭. એક વનસ્પતિના બીજ, એક ભાજી(૨)
૧૯. દુનિયાનો નકશો (૨)
૨૦. યૌવનથી ભરેલ (૫)
૨૧. લડવામાં કુશળ સૈનિક(૪)

### ઊભી ચાવી

૧. રોગ, માંદગી (૩)
૨. ઓટો, વાહન (૨)
૩. મોટરગાડી (૨)
૪. પુસ્તકો, બુક્સ (૩)
૫. રોતડુ, રોતલ (૪)
૭. કાપો, છેદ (૨)
૯. લઘરવઘર, જેમ તેમ ચાલવું (૩)
૧૦. ગુંદર જેવો ચોંટાડવાનો પદાર્થ(૨)
૧૨. કઠીન, દુષ્કર (૩)
૧૩. નિશા, રજની (૩)
૧૪. ગાયનના ઠેકાણું માપ (૨)
૧૫. જંગલના લાગેલી આગ(૪)
૧૭. બધાને હિન્દીમાં... કહેવાય (૨)
૧૮. કતલ કરનાર (૨)
૨૦. દેખ્યો, ભાળ્યો (૨)

### શબ્દાવલી ૫૭૩૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) મતલબી (૪) વિજયા (૭) કાજલ (૮) વિજ્ઞાપન (૯) કાજ (૧૧) નત (૧૨) મુરબ્બો (૧૩) પટ (૧૫) ફાસ (૧૬) તુલા (૧૮) રકાબી (૧૯) લગાતાર (૨૧) ગન (૨૨) મશીનરી (૨૩) લાડુ (૨૪) ફડી

**ઊભી ચાવી :-** (૧) મકામ (૨) તજ (૩) લલકાર (૪) વિજ્ઞાન (૫) જપતપ (૬) યાન (૧૦) જબ્બો (૧૨) મુસકાન (૧૪) ટસર (૧૫) ફારગતી (૧૬) તુલશી (૧૭) લાગાન (૨૦) તારીફ (૨૨) મદુ

## ૨૫મીએ વરણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે.તો કેટલાક સિનીયરોની જો પસંદગી જ ના કરવાની હોય તો સમિતિમાં સભ્ય શું કામ બનાવ્યા તેવી વાતો કહી રજુઆતોનો સિલસિલો પ્રદેશ આગેવાનો સમક્ષ ચાલી રહ્યો છે.

હાલ તો ૧૨ સભ્યોની આ સમિતિ માટે દાવેદારો બહુ છે અને પ્રદેશ સમિતિ માટે પણ પ્રશ્ન પેચીદો બન્યો છે.

૨૫મીએ બપોરે એક વાગે સ્થાયી સમિતિની પ્રથમ બેઠક મહાનગરપાલિકાના મીટીંગ હોલમાં મળશે જેમાં નવા ચેરમેનની નિયુકતીનો મુદ્દો હાથ પર લેવામાં આવનાર છે.

આકાશી ગરમીની સાથે સાથે રાજકીય ગરમી એ પણ પાટનગરવાસીઓમાં ઉત્તેજના જગાવી છે. બધાને સાંભળી યોગ્ય નિર્ણય કરાશે અને સમિતિની બેઠક પૂર્વે મેન્ડેટ આપવામાં આવશે તેમ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## ...તો આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. પરંતુ તંત્ર દ્વારા આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

પાણીની ઓવરહેડ ટાંકીઓ ગાંધીનગર બન્યુ ત્યારે બનાવવામાં આવી હતી. અને પીવાના પાણીની લાઈનો પણ ત્યારે નાખવામાં આવી હતી. ત્યારે ગામડાઓની વસ્તીનું ધોરણ ઘઉં ઓછુ હતુ. તેમજ પાઈપો ઘણી જુની થઈ ગયેલ છે. હાલના સંજોગોમાં ગામડાઓની વસ્તી પણ વધારે છે જેના પ્રમાણમાં પાણીની પાઈપોની અછત પડે છે તેમજ ઓવર હેડ ટાંકીઓ પણ નાની અને જુની પણ છે. પાણીની ટાંકીઓમાંથી સીમેન્ટ કપચીના પોપડાઓ પણ તુટી પડીને પાણીની પાઈપ લાઈનોમાં પણ બ્લોક થઈ જાય છે. જેવી સ્થિતિ પાણીની પાઈપો અને ઓવર હેડ ટાંકીઓની છે.

જો ઉપરોક્ત તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીને ઉપરોક્ત તમામ ગામડાઓને ન્યાય અપાવવા માટે પાછી પાની કરવામાં નહી આવે જે સ્થાનિક કોર્પોરેટ હસમુખકુમાર મકવાણા અને શૈલેન્દ્રસિંહ બિહોલા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## એ.સી. બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યક્રમના આયોજકોએ બે કલાક પહેલા એ સી શરૂ કરવું પડે છે. જેના લીધે વિજ બીલમાં આર્થિક ફટકો વેઠવો પડે છે. લાંબા સમયથી ટાઈનહોલના રીનોવેશનનો પ્રાજેકટ કાગળ પર છે. પરંતુ વિભાગ કક્ષાએથી આખરી કાર્યયોજના તૈયાર ન થતા હોલના રીનોવેશનની યોજના અધ્ધરતાલ રહી છે. નગરના કલાપ્રેમીઓ ટાઉનહોલથી તોબા પોકારી ગયા છે. આયોજકો પાસે થી હોલનું ભાડું વસુલવામાં આવે છે તે મુજબ સુવિધાઓના નામે મીંડું છે.

## સાયકલ શેરીંગ પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ શહેરી વિસ્તાર તેમજ પીડીપીયું સહિત અંદાજીત ૬૮ કી મી વિસ્તારમાં સાયકલ શેરીંગ પ્રાજેકટ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જયારે અગાઉ આ માટે સરકાર દ્વારા ગુડાને રૂપિયા ૫ કરોડ પણ ફાળવવામાં આવ્યા છે. સાયકલ શેરીંગ પ્રોજેકટને વધુ અસરકારક બનાવવા ગુડા દ્વારા આ તબક્કે વધુ અભ્યાસ કરવામાં આવશે આ પ્રોજેકટ વધુ લોક ઉપયોગી બને તે માટે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રયાસ હાથ ધરાયા છે.

હાલના તબક્કે સાયકલ શેરીંગ પ્રોજેકટ વધુ ખર્ચાળ સાબિત થાય તેમ છે. જેને ધ્યાને લઈને પણ જરૂરી સર્વેના અંતે આખરી આયોજન કરવામાં આવશે તેમ પણ મનાઈ રહયું છે. શહેરમાં પણ મેગાસીટીની જેમ દિનપ્રતિદિન વાહનાની સંખ્યા વધતા ટ્રાફિકની સમસ્યા ઉદભવી છે.જયારે પ્રદુષણના દુષણને ડામવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરના વિશાળ રોડ નેટવર્ક ઉપરાંત સેકટરો વચ્ચેના લાંબા અંતરને અનુલક્ષીને પણ સાયકલ શેરીંગ પ્રોજેકટ ફેવરેબલ રહે તેવા અણસાર છે.આવા સંજોગોમાં ગુડાકક્ષાએથી આ અન્વયે અનિવાર્ય પરિબળો ચકાસીને અભ્યાસના અંતે પ્રોજેકટનું પ્રાયોગિક અમલીકરણ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

## ઊંઘ હરામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિસ્થિતિ ઉભી થવા પામી છે.

રાત્રીના સમયે પણ તાપમાન ઉંચુ રહેતા સતત ફુલ સ્પીડે ફરતા પંખાનો પવન પણ ગરમ લાગી રહ્યો છે. જેના કારણે નગરજનોની ઊંઘ હરામ થઈ રહી છે. વળી ભેજનું પ્રમાણ વધુ રહેવાથી વાતાવરણમાં એક પ્રકારના પ્રિ-મોન્સુન બફારાનો અનુભવ થઈ રહ્યો છે. ભેજનું પ્રમાણ સવારના સમયે ૬૩ ટકા સુધી નોંધાયુ હતુ જે સાંજે ઘટીને ૨૯ ટકા રહેવા પામ્યુ હતુ. બપોરના સમયે હજુ પણ કાળઝાળ ગરમી અને લૂ ભર્યા પવનોના સુસવાટાના કારણે મોટા ભાગે નગરજનો ઘરમાં કે ઓફિસમાં જ પુરાઈ રહેવાનુ વધુ મુનાસીબ માની રહ્યાં છે. સવારના સમયથી જ સૂર્યનો તડકો આકરો લાગવા માંડે છે અને બપોરના ૧૨ વાગ્યા સુધીમાં તો રોદ્ર સ્વરૂપ ધારણ કરી લે છે જેના કારણે નગરના રાજમાર્ગો બપોરે ૧ થી ૫ વાગ્યા દરમ્યાન લગભગ સુમસામ બની જાય છે. મોડી સાંજ સુધી પણ ગરમીનો અહેસાસ અંગ દઝાડે છે. અને હવે તો રાત્રે પણ ગરમીનું પ્રમાણ વધારે રહેવાથી મોડી રાત સુધી ઊંઘ નહી આવવાની ફરિયાદો વધી જવા પામી છે.

ગરમી અને ભેજના સંમિશ્રણમાં વધારો નજીકના સમયમાં એક તોફાની વરસાદી ઝાપટાની શક્યતા ઉભી કરે છે તેવુ અનુભવી વડીલો જણાવી રહ્યા છે. જો કે હાલ તો ઉકળાટ અને બફારાની પરિસ્થિતિમાં પરસેવે રેબઝેબ થતા નગરજનો બે વાર સ્નાન કરીને મૌસમ સામે લડત આપી રહ્યા છે. ઉકળાટના પ્રતાપે નગરજનોમાં અળાઈઓ અને ચામડીની બળતરાની તેમજ શરીરે લાલ ચકામા નીકળવાની ફરિયાદ પણ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે.

## રૂપિયા ઉપાડવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયો હોવાનું બેન્ક એટીએમના સીસીટીવી કેમેરા ફુટેજ તપાસતા ધ્યાને આવ્યું. જો કે તે આ બન્ને રેકોર્ડ સ્ટોર કરેલા ડીવાઈસ ફરી આવીને લઈ જાય તે પહેલા જ ભાંડો ફુટી ગયો છે. ભેજાબાજ આરોપી પણ કેમેરામાં કેદ થઈ ગયો છે. જે ફુટેજ ઈન્ફોસીટી પીઆઈ પી.બી. ચૌહાણે મેળવીને એફએસએલ અધિકારી જી.પી. દરબારની મદદ લઈ આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

### ગરમીને કારણે સમગ્ર ભાંડો ફૂટ્યો..!

એટીએમ મશીનમાં કર્મચારી રોકડ લોડ કરવા ગયા ત્યારે ગમ પટ્ટીથી એટીએમ સ્ક્રીનની ઉપરની બાજુ લગાડેલો છુપો કેમેરો પડી ગયેલો હતો. દિવસભર પડેલી ગરમી તથા એટીએમમાં એ.સી. બંધ થઈ ગયેલુ હોવાથી ગરમીને કારણે ગમ પટ્ટી ઉખડી ગઈ હતી અને ચોંટાડેલો છૂપો કેમેરો સ્કીન પર આવી ચઢ્યો હતો. તેને કારણે કર્મચારી જ્યારે રોકડ લોડ કરવા આવ્યા ત્યારે આ ડીવાઈસ જોઈ ગયા હતા અને સમગ્ર ઠગાઈ થાય તે પહેલા જ ધ્યાને આવી ગઈ હતી.